ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની વર્ષ ૨૦૧૪-૧૫ માટેની વહીવટી ગ્રાન્ટની મંજૂરી બાબત...

રૂ.૫.૦૦ લાખની મંજૂરી

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૩૧૨/૨૩૪૭૨૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૨૭/૦૩/૨૦૧૫

વંચાણમાં લીધા:-

૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૧/૦૭/૨૦૧૪ નો સમાન ક્રમાંકનો ઠરાવ.

૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૪/૧૧/૨૦૧૪ નો સમાન ક્રમાંકનો ઠરાવ.

૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૧૨/૦૩/૨૦૧૫ નો પત્ર ક્રમાંક: અજાક/મ/૬/૨૦૧૫/૧૨૦૬-૧૨૦૭.

૪) ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૦૪/૦૩/૨૦૧૫નો પત્ર ક્રમાંક:ગુઅપવિવિ/૧૫/૨૧૨૩-૨૧૨૪.

આમુખ:-

ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરની વહીવટી ગ્રાન્ટ માટે વર્ષ:૨૦૧૪-૧૫ માં રૂ.૨૫.૦૦ લાખની (અંકે રૂપિયા પચીસ લાખ પુરા) આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે. તે પૈકી નિગમના અધિકારી/કર્મચારીઓના પગાર, ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચને પહોંચી વળવા માટે થયેલ ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમાંક -૧ અને ૨ થી અનુક્રમે રૂ. ૧૦.૦૦ લાખ એમ કૂલ રૂ.૨૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની ફાળવણી માટેની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમાંક-૩ અને ૪ પરના અનુક્રમે નિયામકશ્રી(અજાક) અને ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરના પત્રોથી બાકી રહેતી રૂ. ૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે રૂ. ૫.૦૦ લાખની (રૂપિયા પાંચ લાખ પુરા) બાકી રહેતી વહીવટી ગ્રાન્ટની મંજૂરી નીચેની શરતોની આધિન આપવામાં આવે છે.

- નિગમે હવે પછી દરખાસ્ત કરતી વખતે માર્ચ-૨૦૧૫ સુધી થયેલ ખર્ચની વિગતો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૧૪-૧૫ ના બજેટ સદર માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ/આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રે અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ, પેટા-સદર (૩) બીસીકે-૪૧ અનુસૂચિત જાતિ પેટા યોજના બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૪/૦૩/૨૦૧૫ ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.આર. મહેતા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.